લોભ – જરૂરિયાત ---- આપણે ક્યારે તફાવત કરીશું?

આજે માત્ર ૩૦ વર્ષ પહેલાં બનેલી આટલી દર્દનાક ઘટનાને મગજ પચાવી ન શક્યું. ઘણાં બધા મનુષ્યો આ પૃથ્વી ઉપર જન્મ લે છે મૃત્યુ પણ પામે છે. પરંતુ અકારણ અને અકાળે આપવામાં આવતું મોત જોઈને હૃદય થોડિકવાર માટે થંભી ગયું. માણસનું મગજ જ્ઞાન માટે વલખાં મારે છે એ ત્યારે જ બહેર મારી જાય છે જ્યારે તેને લોભ અને જરૂરિયાત વચ્ચેનો તફાવત નથી દેખાતો. આ વાત આજે આપ સૌની સાથે વ્યક્ત કરવાનું મન થયું કેમ કારણ આપની ના કામની લોભી મહત્વાકાંક્ષાઓએ કેટલાંય જીવનને ટૂંકવ્યા હશે. તે તો આપણે જોવા નથી ગયા અને અહીંયા હું માત્ર માનવીની જ વાત નથી કરી રહી પરંતુ દરેક પશુ, પંખી અને પ્રાકૃતિક સંપદાની પણ વાત કરૂં છું. આપના લોભના કારણે અકાળે દરેક જીવ મૃત્યુ પામ્યો. તો શું આજે વિનમ્ર બનીને આપણે આપણાં અહંકારને બાજુમાં મૂકીને તે લોભ અને જરૂરિયાત વચ્ચેનો તફાવત ના કરી શકીએ? ચાલો આજે મારી સાથે આપ પણ આ તફાવત શોધવાનો પ્રયત્ન કરી લઈએ.

- ૩૦ દિવસની ૩૦ જોડી કે ૩ જોડીને ૩૦ દિવસ.
  ફેશનના નામે અને રોજ સવારે દસ મિનિટ પોતાના કબાટ ની સામે ઊભા રહીને પસાર થતો એ કિંમતી સમય એટલે આજે શું પહેરું? ઘણાં બધા ઓપ્શન અને એટલા બધા કપડાના થપ્પા કે ખબર જ નથી કે કોને પસંદ કરું? તમે જાણો છો આ ૩૦ દિવસની ૩૦ જોડીનો લોભ જરૂરિયાતથી પર થઈને માત્ર દર મહિને ખર્ચ કરવામાં આવતા કઇંક પાંચસો થી હજાર અથવા વધારે રૂપિયાની રમત જ નથી. પરંતુ ખરું કહું તો આપણે પોતાને વધુ ને વધુ પિંજરમાં જકડવાની ચાવી છે. અતિથી વધારે વસ્તુઓનો સંગ્રહ એટલે અજકાલનાં લોકોની માનસિક બીમારી. તો આપણે શા માટે આપણી ખર્ચ શક્તિનો ઉપયોગ સાચી જગ્યા ઉપર નથી કરી શકતા? ૩ જોડી ૩૦ દિવસની જરૂરિયાત હોય ત્યાં ૩૦ દિવસની ૩૦ જોડીની શું જરૂર? આ લોભ એટલે એક પછી એક અનેક ઇચ્છાઓનો વરસાદ અને જ્યાં લોભ હોય ત્યાં સંતોષ તો નેસ્તનાબૂદ જ બને. આ લોભનું કારણ શું? તેનું જડમુળ શું?
  આ તો માત્ર ઉદરરણ સ્વરૂપે માત્ર એક જ વસ્તુને પ્રાધાન્ય આપેલું છે. અને આવી કેટલીય વસ્તુ હશે જે વધારે લોભનું કારણ બને છે.
- આકર્ષક એડવર્ટિસમેન્ટનો કાફલો. જે રીતના તમારાં મગજને હિપનોટાઈસ કરે છે અને ત્યાં સુધી કે આપ જાતે જ આ વસ્તુના ઉપયોગની જરૂરિયાત શોધી નથી લેતાં. અને તમારી ખરીદ શક્તિમાં તેને પરિવર્તિત નથી કરતાં.
- સ્પષ્ટતાનો અભાવ. સૌથી મોટી પલોજાણ શું જોઇએ છે અને મોલમાં ગયા બાદ શું ખરીદીએ છીએ? જ્યાં સ્પષ્ટતા નથી ત્યાં કઈંજ નથી. અને તેથી જ ખરીદશક્તિની બહાર મળતી દરેક વસ્તુ ઘરમાં સ્થાન બનાવે અને જે વસ્તુ ક્યારે ઉપયોગમાં ન લેવાય.

- ખરીદી એટલે ટૂંક સમયનો આનંદ. આપણે એટલે બધા વ્યસ્ત છીએ કે ખરો આનંદ શું છે તો આપણને ખબર જ નથી. પરંતુ ખરીદી એટલે માત્ર પૈસા વાપરવાનો આંનદ અને તે પણ ક્ષણિક. લાવેલી આજની એ નવી વસ્તુ કાલે જૂની થાય અને ફરી પછી એક નવી ઈચ્છા પ્રબળ બને કે ફરી પાછું શું નવું આવે? અંદરનો લોભ શાંત ના બને અને જીવન તો અશાંત અને અસંતોષ દુર્ગંધ મારતું જાય. તો ખરો આનંદ શું?
- જ્યાં પગપાળા જવાય ત્યાં સ્કૂટર આવે અને પછી બૂમ પડે પેટ્રોલની. તો શું જરૂરિયાત અને શેનો લોભ. તો જરૂરિયાત ને કેમ કરીને શોધશો અને નક્કી કરશો તમારો લોભ તમારી પાસે શું-શું કરાવે છે.

  ૧) વધુ ને વધુ દેખાડાનો ભોગ બનતા આપણે સૌ અહંકારની સામે નમીને વિનમ્રતા ભૂલી જઈએ છીએ અને ત્યારે જ સાચું પણ ખોટું લાગે છે. અને સાથે એ બધુ કરવા ઉપર આવીએ છીએ જ્યાં સરળતાથી જીવનને માણી શકાય .

  ૨) લોભ ક્યારેય મરતો નથી. પરંતુ ડુંગળીના પડની જેમ છોલતા છોલતા છેલ્લે કશું જ બાકી નથી રહેતું તેમ તમારી અંદર ચાલતી આ ભવનાના એક એક પડને ઉકેલતા જાઓ. તમે અંતમાં દેખાશે કે શું સત્ય છે.

  ૩) પૂછો પોતાને શું આ જરૂરિયાત છે કે તેનું પણ કોઈ વિકલ્પ છે? અને હોય જ. દરેક લોભનું વિકલ્પ હોય જ છે પરંતુ દેખાતું નથી. જોવું પડે છે.

  ૪) જરૂરિયાતનું લિસ્ટ બનાવો અને લોભનું પણ. તમને સમજાશે કે જરૂરિયાત ખૂબ જ ઓછી છે પરંતુ સંતોષી છે અને જીવન જીવી શકાય છે. પરંતુ લોભ ચિંતા આપે છે અને હંમેશા અસંતોષની લાગણીને અનુભવાય.

  ૫) જીવનની સત્યતા એટલે આપની અંદર જોવું માત્ર દ્રષ્ટા તરીકે અને સામે મળતી માહિતીને પણ જોવું એક નાટક તરીકે. તો સમજાશે સાચી હકીકત.

  ક્રમશ: